



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 38 ■ તા. 27-09-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk


# કોંગોમાં પ્લેન ક્રેશ, સૈન્યના બે મોટા અધિકારી સહિત ૧૪ના મોત

કોંગો, તા.૨૬

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો માં શનિવારે સવારે એક દુઃખદ વિમાન અકસ્માત સર્જાયો. આ અકસ્માતમાં સૈન્યના બે ઉચ્ચ અધિકારીઓ સહિત કુલ ૧૪ લોકોના મોત નીપજ્યા છે. કોંગોની સેનાએ આ ઘટનાની સત્તાવાર પુષ્ટિ કરી છે. મૃતકોમાં સૈન્ય અદાલતના વડા લેફ્ટનન્ટ જનરલ મુતોમ્બો કાટાલાઈ તિયેંદે અને સશસ્ત્ર દળોના ઓડિટર જનરલ લેફ્ટનન્ટ જનરલ બાકુમી લિકુલિયાનો સમાવેશ થાય છે. આ સિવાય ડેલિગેશનના અન્ય સભ્યો અને પ્લેનના કેબિન ક્રૂ મેમ્બર્સ પણ આ દુર્ઘટનામાં માર્યા ગયા છે.કોંગોની સેનાના પ્રવક્તા મેજર જનરલ એફોમી એકેંગે જણાવ્યું હતું કે, આ વિમાન દક્ષિણ-પશ્ચિમ કોંગોના કિકવિટ શહેરથી રાજધાની કિંશાશા તરફ પાછું ફરી રહ્યું હતું.

તે દરમિયાન વિમાનમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાી હતી. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટેકનિકલ સમસ્યા બાદ વિમાન 'કેંગે' વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થઈને તૂટી પડ્યું હતું. વિમાનમાં સવાર તમામ ૧૪ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.કોંગોની નાગરિક ઉડ્ડયન ઓથોરિટી અને સેનાએ આ દુર્ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરી દીધી છે. અકસ્માત પાછળ કઈ ચોક્કસ ટેકનિકલ ખામી જવાબદાર હતી તે તપાસ અહેવાલ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. આ અકસ્માત એવા સમયે થયો છે જ્યારે કોંગોની સેના દેશના પૂર્વીય ભાગમાં 'સ્ર ૩' જેવા બળવાખોર જૂથો સામે યુદ્ધ લડી રહી છે. આવા સંવેદનશીલ સમયે સેનાના બે ટોચના લેફ્ટનન્ટ જનરલોનું મોત થવું એ કોંગોની સેના માટે ખૂબ મોટો આંચકો માનવામાં આવે છે.

### મહારાષ્ટ્રમાં હોસ્પિટલોના 'ગોરખધંધા' સામે આવતા કેન્દ્ર સરકાર જાગી

# ખાનગી હોસ્પિટલો સસ્તી દવા-મેડિકલ સામાન દર્દીઓને મોંઘા ભાવે વેચે છે

### હોસ્પિટલમાં રૂ. ૧૧નો આઈવી સેટ રૂ. ૩૨૫, રૂ. ૨૯નું કેથેરટર રૂ.૩૧૦, ૪૦-૫૦ના નેબુલાઈઝર-માસ્ક રૂ. ૭૧૫ સુધીમાં વેચાયા



નવી દિલ્હી, તા.૨૬

દેશમાં સસ્તી દવાઓ ઊંચી કિંમતે વેચાતી હોવા મુદ્દે સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કર્યા પછી હવે હોસ્પિટલો વિશેષરૂપે ખાનગી હોસ્પિટલોમાં સારવાર માટે ઉપયોગમાં લેવાતો મેડિકલ સામાન અને દવાઓ બજારમાંથી નીચી કિંમતે ખરીદીને તેના માટે દર્દીઓ પાસેથી અનેક ગણી ઊંચી રકમ વસૂલતી હોવાની કેન્દ્ર સરકારને ફરિયાદો મળી છે. આ ફરિયાદોને ધ્યાનમાં લેતાં કેન્દ્ર સરકારે આ બાબતની સમીક્ષા હાથ ધરી છે. સાથે જ સરકારે મેડિકલ સામાનની કિંમતોમાં તર્કસંગતતા અંગે ખાનગી હોસ્પિટલો અને મેડિકલ સેક્ટર સાથે ચર્ચા શરૂ કરી છે.સ્વાસ્થ્ય અને રાસાયણિક ખાતર મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે, સરકારની સમીક્ષામાં હોસ્પિટલની વાસ્તવિક ખરીદ કિંમત અને દર્દીઓના બિલમાં નોંધાયેલી કિંમત વચ્ચે અંતર પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સમીક્ષાના નિષ્કર્ષના આધારે સરકાર જરૂરી કાર્યવાહી હાથ ધરશે.મંત્રાલયના સૂત્રોએ કહ્યું કે તેઓ હોસ્પિટલો કોઈ સામાન ઉત્પાદકો અથવા બજારમાંથી કઈ કિંમતે ખરીદે છે અને દર્દીઓ પાસેથી તેના માટે કેટલી રકમ વસૂલે છે તેની સમીક્ષા કરી રહ્યા છે. માત્ર ઉત્પાદનની એમઆરપીને આધાર બનાવવો જોઈએ નહીં. હોસ્પિટલની વાસ્તવિક ખરીદ કિંમત અને દર્દીના બીલ વચ્ચેના અંતરની સમીક્ષાને ધ્યાનમાં લેવામાં આવશે. આ આધારે હોસ્પિટલોની ખરીદ અને બિલિંગ વ્યવસ્થાનું આકલન કરાઈ રહ્યું છે.મહારાષ્ટ્રમાં હોસ્પિટલોની ખરીદ અને બિલિંગ સંબંધિત દસ્તાવેજોની તપાસમાં એવા અનેક કિસ્સા સામે આવ્યા છે. એક હોસ્પિટલે આઈવી સેટ અંદાજે રૂ. ૧૧માં ખરીદ્યો જ્યારે દર્દી પાસેથી તેના રૂ. ૩૨૫ વસૂલવામાં આવ્યા. એ જ રીતે અંદાજે રૂ. ૨૯માં ખરીદવામાં આવેલા કેથેટરની કિંમત રૂ. ૩૧૦ અને રૂ. ૭માં ખરીદાયેલી સિરિન્જના રૂ. ૫૭ વસૂલવામાં આવ્યા હતા. કેટલાક કિસ્સામાં રૂ. ૪૦-૪૫માં ખરીદાયેલા નેબુલાઈઝર અને ઓક્સિજન માસ્કના દર્દીઓ પાસેથી બિલમાં રૂ. ૬૫૦થી રૂ. ૭૧૫ સુધી વસૂલવામાં આવ્યા.સમીક્ષામાં એ પણ જણાયું છે કે ઉપચાર દરમિયાન આઈવી સેટ, સિરિંજ, કેથેટર, ઓક્સિજન માસ્ક અને અન્ય કન્ઝ્યુમેબલની જરૂરિયાત પડે છે. હોસ્પિટલમાં દાખલ દર્દી માટે તેની કિંમતની સરખામણી કરવી અથવા બહારથી સામાન ખરીદવો અનેક વખત સરળ નથી હોતું. એવામાં ખરીદ કિંમત અને બિલમાં ઘણું મોટું અંતર હોવાથી સારવારનો કુલ ખર્ચ વધી જાય છે. દવાઓની બાબતમાં પણ હોસ્પિટલની ઈન-હાઉસ ફાર્મસીમાંથી ખરીદીની વ્યવસ્થા હોવાથી પણ દર્દીની નિર્ભરતા વધી જાય છે.મહારાષ્ટ્રમાં આવા કેસ સામે આવ્યા પછી હવે દેશભરમાં હોસ્પિટલોમાં દવા, મેડિકલ સામાન અને કન્ઝ્યુમેબલ્સની ખરીદી તથા દર્દીઓ પાસેથી વસૂલવામાં આવતી રકમની સ્વાસ્થ્ય મંત્રાલયે સમીક્ષા શરૂ કરી છે.

# ટ્રમ્પે ઈરાનની શરતો ફગાવતાં દુનિયાના શ્વાસ અધ્ધર થયાં

વોશિંગ્ટન, તા.૨૬

ઈરાને કતાર મારફતે અમેરિકા સમક્ષ એક ૭ દિવસનો ખાસ પ્રસ્તાવ મૂક્યો હતો. આ યોજના હેઠળ ઈરાન આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્ત્વપૂર્ણ એવા સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ફરી ખોલવા અને પરમાણુ મુદ્દે અમેરિકા સાથે વાતચીત પુનઃ શરૂ કરવા તૈયાર થયું હતું. પરંતુ તેના બદલામાં ઈરાને અમેરિકા સામે ૩ મુખ્ય શરતો રાખી હતી.અમેરિકન પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે આ પ્રસ્તાવને સ્પષ્ટપણે અસ્વીકાર કરી દીધો છે. ટ્રમ્પને શંકા છે કે ઈરાન તેમની માંગણીઓ પૂરી નહીં કરે. અમેરિકાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રમ્પે તેમના સહયોગીઓને સંકેત આપ્યા છે કે નવેમ્બરમાં યોજાનારી 'મિડટર્મ' ચૂંટણીઓ પછી ઈરાન પર ફરીથી લશ્કરી કાર્યવાહી અને બોમ્બમારો શરૂ થઈ શકે છે.'વોલ સ્ટ્રીટ જર્નલ'ના અહેવાલ મુજબ, ટ્રમ્પને ઈરાનના ઈરાદાઓ પર ભરોસો નથી. જોકે, અહેવાલમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જો હુમલો થશે તો તેનો વ્યાપ કેટલો મોટો હશે તે નક્કી નથી.હાલમાં અમેરિકા પાસે શસ્ત્રો અને દારૂગોળાનો જથ્થો ઘટી રહ્યો હોવાથી, ટ્રમ્પ અત્યારે કોઈ મોટા સૈન્ય અભિયાન માટે સંપૂર્ણ તૈયાર દેખાતા નથી. અમેરિકા પોતાના શસ્ત્રભંડારને ભવિષ્યની અન્ય સંભવિત જરૂરિયાતો માટે બચાવીને રાખવા માંગે છે.

### મહિલા કર્મચારી ટૂર વખતે સોના બાથમાં સૂઈ જતાં કંપનીએ કાર્યવાહી કરી હતી

# બે વર્ષ પહેલાં નોકરીમાંથી કાઢી મૂકાયેલી મહિલાએ રૂ. ૯૦૦ કરોડનો દાવો માંડયો

### માનસિક ડિસઓર્ડર હોવાથી કંપનીએ ભેદભાવ કર્યાનો મહિલા કર્મચારીનો આરોપ બ્રિટિશ એમ્પ્લોયમેન્ટ ટ્રિબ્યૂનલે માન્ય રાખ્યો

લંડન, તા.૨૬

ઓસ્ટ્રિયન કંપનીએ શેનન બર્ન્સ નામની એક મહિલા કર્મચારીને એ માટે નોકરીમાંથી કાઢી મૂકી હતી કે તે ટૂર દરમિયાન હોટલના રૂમને બદલે દારુ પીને સોના બાથમાં સૂઈ ગઈ હતી. એ મુદ્દે હવે મહિલાએ ૯૬૪ કરોડ રૂપિયાના વળતરનો દાવો કર્યો છે. જો આ વળતર માન્ય રહેશે તો સૌથી મોટી રકમનો રેકોર્ડ બનશે. મહિલાનો માનસિક ડિસઓર્ડરના કારણે કંપનીએ કાઢી મૂકી હોવાની દલીલ કોર્ટે પહેલી નજરે માન્ય રાખી છે.ઓસ્ટ્રિયન કંપની ગિટપોડેમાં એન્જિનિયરિંગ વિભાગમાં વાઈસ પ્રેસિડેન્ટ શેનન બર્ન્સને ટીમ બનાવવા માટે ૨૦૨૩માં બીજા ટાઉનમાં મોકલામાં આવી હતી. એ વખતે તેણે હોટેલમાં સ્ટે કર્યો હતો. તે શરાબ પીને મધરાતે બાથરૂમના સોનામાં સૂઈ ગઈ હતી. તેના હોટેલ રૂમની ચાવી ખોવાઈ જતાં તેણે આવું કર્યું પડયું હતું.જોકે, કંપનીએ આ બાબતે રેપ્યુટેશનનો મુદ્દો ગણીને મહિલાને નોકરીમાંથી કાઢી મૂકી હતી. એ ઘટનાના બે-અઢી વર્ષ પછી મહિલાએ વળતર પેટે ૯૬૪ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ માંગી છે. બ્રિટિશ એમ્પ્લોઈમેન્ટ ટ્રિબ્યૂનલમાં મહિલાએ દાવો કર્યો હતો કે તેને એડીએચડી નામની માનસિક તકલીફ છે. જેમાં તેને ફોકસ કરવામાં મુશ્કેલી પડે છે. કંપનીએ સોનામાં સૂઈ જવાનો મુદ્દો બનાવીને તેને એટલે કાઢી મૂકી હતી કે તે માનસિક વિકલાંગ હતી. કોર્ટે પ્રાથમિક રીતે આ દલીલને માન્ય રાખીને કાર્યવાહી શરૂ કરી છે.કંપનીએ ટ્રિબ્યૂનલમાં જણાવ્યું હતું કે ઓફિશિયલ ટ્રિપમાં કર્મચારીનું આવું વર્તન ચલાવી શકાય નહીં. તેનાથી કંપનીની ઈમેજને ધક્કો પહોંચે છે. એક ટીમકર્મચારીનું આવું વર્તન ચલાવી શકાય નહીં. તેનાથી કંપનીની ઈમેજને ધક્કો પહોંચે છે. એક ટીમ લીડરે કંપનીની રેપ્યુલેશનનો ખ્યાલ રાખીને વર્તન કરવું જોઈએ. આટલી વિશાળ રકમની ડિમાન્ડ બિલકુલ અયોગ્ય છે. હવે આ મામલે ટ્રિબ્યૂનલે સુનાવણી હાથ ધરી છે. જો મહિલાને આટલું મોટું વળતર મળશે તો આવા કિસ્સામાં કરોડોનું વળતર મેળવવાનો નવો રેકોર્ડ બનશે.

### MITની રિસર્ચ ટીમે સિસ્ટમ ડેવલપ કરી

# AI વ્યક્તિના મેસેજથી સુસાઈડના જોખમનો અંદાજ લગાવી શકશે

કેમ્બ્રિજ, તા.૨૬

વ્યક્તિ પોતાના મેસેજમાં શું લખે છે તેના આધારે તેના આત્મહત્યાના જોખમનો અંદાજ લગાવી શકે તેવી એઆઈ સિસ્ટમ એમઆઈટીની રિસર્ચ ટીમે ડેવલપ કરી છે. આ સિસ્ટમનો હેતુ માનસિક સંકટમાંથી પસાર થઈ રહેલા લોકોને વહેલી તકે ઓળખવામાં કાઉન્સેલર્સ અને માનસિક આરોગ્ય નિષ્ણાતોને મદદ કરવાનો છે.એમઆઈટીના સંશોધકોએ ક્રાસિસ ટેક્સ્ટ લાઈન સાથે મળીને આશરે ૧૬,૦૦૦ ડિ-આઈડેન્ટિફાઈડ કાઉન્સેલિંગ ચેટ્સનું વિશ્લેષણ કર્યું. મેસેજને જોખમના સ્તર પ્રમાણે અલગ જૂથોમાં વહેંચીને સંશોધકોએ એ શોધવાનો પ્રયાસ કર્યો કે કયા શબ્દો, વાક્યો અને વિષયો આત્મહત્યાના વધતા જોખમ સાથે જોડાયેલા છે.સમીક્ષા બાદ ૪૯ રિસ્ક ફેક્ટર્સ સાથે જોડાયેલા આશરે ૬૦ શબ્દો અને વાક્યો ધરાવતી વિશેષ યાદી તૈયાર કરવામાં આવી. ત્યારબાદ મશીન-લર્નિંગ મોડલને આ સંકેતોને આધારે જોખમનો અંદાજ લગાવવાની ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ સિસ્ટમ કયા શબ્દો કે રિસ્ક ફેક્ટર્સને કારણે અંદાજ લગાવવામાં આવ્યો તે પણ દર્શાવી શકે છે.

### નાણા મંત્રાલયનાં અધિકારીએ બેન્ક યુનિયનોનાં દાવાને ફગાવ્યો

# સરકારે બેન્કોને પાંચ દિવસનું વર્કિંગ સપ્તાહ કરવાનું વચન ક્યારેય આપ્યું નથી

### પબ્લિક સેક્ટર બેન્કોની સોમવારથી બુધવાર સુધી ત્રણ દિવસની હડતાળ અગાઉ સરકારે કરેલી સ્પષ્ટતા




નવી દિલ્હી, તા.૨૬

સરકારે બેંક કર્મચારી યુનિયનોનાં એ દાવાઓને ફગાવી દીધા છે જેમાં જણાવવામાં આવ્યું સરકારે પાંચ દિવસનાં વર્કિંગ સપ્તાહને અમલમાં મૂકવાનું વચન આપ્યું હતું.સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે કે નાણા મંત્રાલયે ક્યારેય બેંક કર્મચારી યુનિયનોને આ અંગે કોઈ વચન આપ્યું ન હતું. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન હેઠળ આવતા બેંક કર્મચારી યુનિયનોએ પાંચ દિવસનાં વર્કિંગ સપ્તાહ સહિતની માંગો માટે ૨૮ સપ્ટેમ્બરથી ત્રણ દિવસની હડતાળની જાહેરાત કરી છે.યુનિયનોનો દાવો છે કે ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (આઈબીએ) ૮ માર્ચ, ૨૦૨૪નાં રોજ થયેલ ૧૨મી દ્વિપક્ષીય સમજૂતી/૯મી જોઈન્ટ નોટ હેઠળ આ પ્રસ્તાવ અંગે સંમત થયું હતું.આ સમજૂતી હેઠળ સોમવારથી શુક્રવાર સુધી કામનાં કલાક ૪૦ મિનિટ વધારવામાં આવવાની હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે આ પ્રસ્તાવ સરકારને મોકલવામાં આવ્યો હતો અને હાલમાં તેના પર વિચાર કરવામાં આવી રહ્યો છે.ત્રણ દિવસની દેશવ્યાપી હડતાળ અગાઉ ગ્રાહકોની બેંકિંગ જરૂરિયાતને પૂર્ણ કરવા માટે સરકારે પબ્લિક સેક્ટરની બેંકોને રવિવાર, ૨૭ સપ્ટેમ્બરનાં રોજ ખુલ્લી રાખવાનો નિર્દેશ આપ્યો છે.નાણા મંત્રાલયે તમામ વિભાગો અને મંત્રાલયોને સલાહ આપી છે કે હડતાળને ધ્યાનમાં રાખીને સપ્ટેમ્બરનો પગાર સમયથી પહેલા જારી કરવામાં આવે. કેન્દ્રીય કર્મચારીઓનો પગાર અને પેન્શન ૨૫ સપ્ટેમ્બર સુધી ચુકવી દેવા જણાવવામાં આવ્યું છે.આ દરમિયાન બેંકોએ પોતાના ગ્રાહકોને સલાહ આપી છે કે કોઈ પણ અસુવિધાથી બચવા માટ પ્રસ્તાવિત હડતાળની તારીખ અગાઉ પોતાની બેંકિંગ લેવડદેવડ પૂર્ણ કરી લેવામાં આવે.

### યુએસે અમારી સાથે મંત્રણાના બદલે યુદ્ધનો માર્ગ પકડયોઃ ઈરાની પ્રમુખ

# અણુ બોમ્બ બનાવવો અમારી ધાર્મિક પરંપરાની વિરુદ્ધ : પેજેશ્કિયન

### નેતન્યાહુ યુએનમાં બોલવા ગયા ત્યારે સંખ્યાબંધ દેશોના પ્રતિનિધિઓએ તેમના વિરોધમાં વોકઆઉટ કર્યુ

ન્યૂયોર્ક, તા.૨૬

ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે અમેરિકન પ્રમુખ ટ્રમ્પના દાવાથી વિપરીત જ નિવેદન ઈરાનીયન પ્રમુખ પેજેકિશ્યને કર્યુ છે. તેમણે . ન્યૂયોર્કમાં ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે ઈરાન તેના પરમાણુ કાર્યક્રમની આંતરરાષ્ટ્રીય સ્તરે તપાસ કરાવવા અને સંવર્ધિત યુરેનિયમનો સ્ટોક ઘટાડવા સંપૂર્ણપણે તૈયાર છે. આવા કોઈપણ પ્રકારના આયોજનની વાત તેમણે ફગાવી દીધી હતી.તેમને જ્યારે પૂછવામાં આવ્યું કે ઈરાન પરમાણુ બોમ્બ બનાવવા માંગે છે તેના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે જરા પણ નહીં. હમારા દિવંગત સર્વોચ્ચ નેતા આયોતોલ્લાહ ખામેનેઈએ કેટલીય વખત જાહેરાત કરી છે કે ધાર્મિક દ્રષ્ટિકોણથી પરમાણુ શસ્ત્રો સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. તેમણે તે વાતનો પુનરોચ્ચાર કર્યો કે ઈરાન સામૂહિક વિનાશના શસ્ત્રોના વિરોધમાં છે. અમે સંવર્ધિત યુરેનિયમ ઘટાડવા તૈયાર છીએ. આ કોઈ નવી વાત નથી. અમે આંતરરાષ્ટ્રીય નિરીક્ષણ સામે રજૂ થવા પોતે તૈયાર છીએ.તેમનું આ નિવેદન ત્યારે આવ્યુ હતું જ્યારે ઈરાનનો પરમાણુ કાર્યક્રમ આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (આઈએઈએ)ની ચુસ્ત દેખરેખ અને તપાસના અધિકાર ક્ષેત્રની અંદર છે. તાજેતરમાં જ આઈએઈએ જણાવ્યું હતું કે ઈરાનના પરમાણુ મથકો અને સામગ્રીઓને યોગ્ય જાણકારી મળી રહી નથી. તેનાથી તેની દેખરેખ પર અસર પડી રહી છે. તેમણે વર્તમાન તનાવ માટે સીધેસીધુ અમેરિકાને જવાબદાર ઠેરવ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે અમેરિકાએ મંત્રણાનો રસ્તો અપનાવવાના બદલે બોમ્બાર્ડિંગ અને લશ્કરી કાર્યવાહીનું પગલું પસંદ કર્યુ. જ્યારે ઈરાને તો ફક્ત સ્વબચાવ જ કર્યો છે.ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહૂ સંયુક્ત રાષ્ટ્રોની ૮૧મી મહાસભામાં વક્તવ્ય આપવા ડાયસ ઉપર પહોંચ્યા ત્યારે કેટલાયે દેશોના પ્રતિનિધિઓ નાટકીય રીતે મહાસભા છોડી ચાલ્યા ગયા હતા. આ નાટકીય ઘટનાનો તેટલો જ કઠોર પ્રતિભાવ આપતાં આ યહૂદી નેતાએ કહ્યું હતું કે 'હું વકતવ્ય શરૂ કરૃં તે પૂર્વે એક મહત્વની જાહેરાત' હજી પણ અહીં કોઈ નૈતિક કાયરો રહ્યાં હોય તો જલ્દીમાં જલ્દી આ હોલ છોડી ચાલ્યા જાય. તમારો ઘણો આભાર.નેતન્યાહુએ ભાષણ દરમિયાન પેજર બતાવ્યા હતા અને જણાવ્યું હતું કે તમને કદાચ યાદ ન હોય, પરંતુ હીઝબુલ્લાહના આતંકવાદીઓને આ પેજર ચોક્કસ યાદ હશે. તેમણે આ વાત લેબનોનમાં મોટાપાયા પર થયેલા પેજર બ્લાસ્ટના સંદર્ભમાં આ વાત કહી હતી.આ પછી તેઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે તેઓના દેશની થઈ રહેલી ટીકા સામે સખતનો બચાવ કર્યો હતો. સાથે વ્યાપી રહેલાં એન્ટી- સેમિટીઝમ (યહુદી વિરોધી વલણ)ની ઉગ્ર ટીકા કરતાં તેમણે કહ્યું કે આટ-આટલાં વિરોધો વચ્ચે પણ અમે અડીખમ ઊભા રહ્યા છીએ. તેમણે આગળ કહ્યું દુનિયાના આ એન્ટી સેમિનાઈટસ અમારા લોકોને ભયભીત કરવા માગે છે. મારી પાસે તો તે સમયથી માહિતી છે કે જ્યારે કોઈપણ રક્ષણ વિનાના યહૂદીઓની કતલ થતી હતી.


27-09-2026_38 Jan Fariyad_New_P-1

# ચાંદખેડા રોડ રેલવે સ્ટેશન પર રિઝર્વેશનની મર્યાદિત સુવિધા

અમદાવાદ, તા.૨૬

અમદાવાદના ચાંદખેડા રોડ રેલવે સ્ટેશન પર રિઝર્વેશનની પૂરતી સુવિધા ઉપલબ્ધ ન હોવાને કારણે ટિકિટ લેવા આવતા પેસેન્જરોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્ટેશન પર બે બુકિંગ વિન્ડો ઉપલબ્ધ હોવા છતાં આરક્ષણનું કામ માત્ર વિન્ડો નંબર-૧ પરથી જ કરવામાં આવે છે, જ્યારે વિન્ડો નંબર-૨ પર રિઝર્વેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવતી નથી.

હાલની વ્યવસ્થા મુજબ ચાંદખેડા રોડ સ્ટેશન પર રિઝર્વેશનની કામગીરી સવારે ૮થી ૧૧.૩૦ વાગ્યા સુધી અને બપોરે ૨.૩૦થી સાંજે ૫.૩૦ વાગ્યા સુધી કરવામાં આવે છે. એટલે કે દિવસમાં કુલ આશરે ૬ કલાક ૩૦ મિનિટ જ આરક્ષણ સેવા મળે છે. બીજી તરફ સ્ટેશન પર બે બુકિંગ કર્મચારીઓ સવારે ૬થી રાત્રે ૮.૩૦ વાગ્યા સુધી બ્રોકન શિફ્ટમાં ફરજ બજાવે છે.

રિઝર્વેશનનો સમય મર્યાદિત હોવાથી સવારે વહેલા અથવા સાંજના સમયે ટિકિટ માટે આવતા પેસેન્જરોને રિઝર્વેશન કરાવી શકતા નથી.

ખાસ કરીને નોકરી કરતા લોકો, વરિષ્ઠ નાગરિકો અને દૂરના વિસ્તારોમાંથી સ્ટેશન પર આવતા પેસેન્જરો માટે આ વ્યવસ્થા મુશ્કેલીરૂપ બની રહી છે.

પેસેન્જરોનું કહેવું છે કે જ્યારે સ્ટેશન પર બે બુકિંગ વિન્ડો અને બે કર્મચારી ઉપલબ્ધ છે ત્યારે બંને વિન્ડોનો જરૂરિયાત મુજબ ઉપયોગ કરીને રિઝર્વેશન સેવાનો સમય વધારવો જોઈએ.

ચાંદખેડા રોડ સ્ટેશન પર રિઝર્વેશનની સુવિધા વધુ સમય માટે ઉપલબ્ધ કરવામાં આવે તો પેસેન્જરોને અન્ય સ્ટેશન સુધી જવાની અથવા લાંબા સમય સુધી રાહ જોવાની જરૂરિયાત ઘટી શકે છે.

પેસેન્જરોની માગ છે કે સ્ટેશન પર ઉપલબ્ધ બુકિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્ટાફનો યોગ્ય ઉપયોગ થાય અને રિઝર્વેશનની સુવિધાનો સમય વધારવામાં આવે. ખાસ કરીને વિન્ડો નંબર-૨ને પણ આરક્ષણ માટે ઉપયોગમાં લેવામાં આવે, જેથી એક જ વિન્ડો પર પેસેન્જરોની ભીડ ન થાય અને ટિકિટ બુકિંગની કામગીરી વધુ સરળ બની શકે.

### ૯ દિવસમાં ૩૮ લાખથી વધુ લોકોએ કર્યા દર્શન

# ભાદરવી પૂનમે અંબાજી ખાતે ઉમટ્યું માનવ મહેરામણ

## સવારની મંગળા આરતી સમયે સમગ્ર અંબાજી જય અંબેના નાદથી ગૂંજી ઉઠ્યું : પ્રશાસન દ્વારા સુચારુ વ્યવસ્થા

અંબાજી, તા.૨૬

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે પવિત્ર ભાદરવી પૂનમના મહાપર્વને લઈને અદ્ભુત અખંડ ભક્તિનો માહોલ જોવા મળી રહ્યો છે. મા અંબાના ધામમાં લાખોની સંખ્યામાં પદયાત્રીઓ અને શ્રદ્ધાળુઓનું માનવ મહેરામણ ઉમટી પડ્યું છે. વહીવટી પ્રશાસન, પોલીસ વિભાગ અને આરોગ્ય ટીમ દ્વારા કરવામાં આવેલી સુચારુ વ્યવસ્થા અને ભાવિકોની સેવાથી સમગ્ર યાત્રાધામમાં ભક્તિભર્યું વાતાવરણ સર્જાયું છે.



ભાદરવી પૂનમના પાવન પ્રસંગે સવારથી જ લાખોની સંખ્યામાં ભક્તો માતાજીના દર્શન માટે ઉમટી પડ્યા હતા, જેના કારણે સવારની મંગળા આરતી સમયે સમગ્ર અંબાજી જય અંબેના નાદથી ગૂંજી ઉઠ્યું હતું.

છેલ્લા ૯ દિવસમાં ૩૮ લાખથી વધુ ભક્તોએ માં અંબાના દર્શન કર્યા છે, જ્યારે ૯ દિવસમાં મંદિરને ૧.૫ કરોડથી વધુની આવક પણ થઈ છે. પોલીસ અને વહીવટી પ્રશાસનના શાનદાર આયોજનથી ભક્તોમાં ભારે ખુશી જોવા મળી રહી છે. ફરજની સાથે સાથે ઉત્કૃષ્ટ સેવા કરીને પ્રશાસને શ્રદ્ધાળુઓના દિલ જીતી લીધા છે, જેને લઈને સ્થાનિક પ્રશાસનની કામગીરીને શ્રદ્ધાળુઓએ મુક્ત મને બિરદાવી છે.

બનાસકાંઠા પ્રશાસન દ્વારા ભક્તોની સુવિધા માટે અંબાજીના ચાચર ચોકમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ભક્તોને ચક્કર આવે કે તબિયત બગડે તો તેમને તાત્કાલિક સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. ભાદરવી પૂનમના ૭મા દિવસે પણ આરોગ્ય વિભાગની ટીમ સંપૂર્ણ રીતે એલર્ટ રહીને ખડેપગ સેવા આપી રહી છે. થાક, નબળાઈ સહિતની તકલીફ ધરાવતા ભક્તોને ત્વરિત સારવાર આપવામાં આવી રહી છે. છેલ્લા ૭ દિવસથી આરોગ્ય વિભાગની ટીમ નિષ્ઠાપૂર્વક ભક્તોની સેવા કરી રહી છે, જેથી માતાજીના દર્શનની સાથે સાથે ભક્તોના સ્વાસ્થ્યનું પણ પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

અંબાજીના મૂળ મંદિરની નીચે શ્રી યંત્ર પૂજા મંદિર આવેલું છે. ભાદરવી પૂર્ણિમા નિમિત્તે આ શ્રી યંત્ર પૂજા મંદિરે શ્રી યંત્રના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી. શ્રી યંત્ર મંદિર નજીક આવેલ બટુક ભૈરવ મંદિરે પણ ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. ધાર્મિક માન્યતા મુજબ અંબાજીમાં સતી માતાનું હૃદય પડ્યું હતું અને માતાજીના રક્ષણ માટે ભગવાન શિવે બટુક ભૈરવને બિરાજમાન કર્યા હોવાની માન્યતા છે. ભાદરવી પૂર્ણિમાએ શ્રી યંત્ર પૂજા અને બટુક ભૈરવના દર્શન કરીને ભક્તો પોતાની પવિત્ર યાત્રા પૂર્ણ કરે છે.

બનાસકાંઠા જિલ્લામાં ભાદરવી પૂર્ણિમાના પાવન દિવસે અંબાજીમાં પોલીસ પ્રશાસન દ્વારા શ્રદ્ધાપૂર્વક ધજા ચઢાવવામાં આવશે. સતત ૭ દિવસ સુધી પદયાત્રીઓની સુરક્ષા અને સેવામાં ખડેપગે રહેલી પોલીસ ફરજની સાથે સાથે ભક્તિના રંગે પણ રંગાઈ છે. પદયાત્રીઓની સુરક્ષાની સાથે સાથે પોલીસ કર્મીઓએ નિષ્ઠાપૂર્વક ભક્તોની સેવા કરી છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ પોલીસ સાથે અંબાજી મંદિરમાં ધજા ચડાવશે. પોલીસની આ અપ્રતિમ સેવા અને શ્રદ્ધાને બિરદાવતું આ અનોખું ધજારોહણ કરવામાં આવશે.

જગતજનની મા અંબા ના દરબારમાં જેટલા પણ માઈ ભક્તો આવતા હોય છે તે ભક્તો માતાજીને ચુંદડી, કુમકુમ, પ્રસાદ અર્પણ કરતા હોય છે અને ભક્તો પોતાના ઘરે સંભારણા રૂપે પણ લઈ જતા હોય છે ત્યારે અંબાજી મંદિરમાં પૂજાની અનેક દુકાનો આવેલી છે જ્યાં માતાજીનો સુંદર શૃંગાર રાખવામાં આવે છે. અંબાજીનો કુમકુમ સુપ્રસિદ્ધ હોવાના કારણે લોકો આવનારા તહેવારો માટે પણ અહીંથી પૂજાની સામગ્રી છે તે લઈને જતા હોય છે.

# અમદાવાદમાં બે રાજકીય પાર્ટીઓ દ્વારા ૭૨૫ કરોડથી વધુનું બોગસ ડોનેશન કૌભાંડ ઝડપાયું

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ શહેરમાં આવકવેરા વિભાગ અને સી.આઈ.ડી. (CID) ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એક અત્યંત મોટા અને વ્યવસ્થિત રીતે ચલાવવામાં આવતા બોગસ પોલિટિકલ ફંડિંગ કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ચૂંટણી લડવાના કે કોઈ પણ સામાજિક કાર્ય કરવાના બદલે માત્ર કમિશન કમાવવાના હેતુથી ઊભી કરાયેલી બે રાજકીય પાર્ટીઓ - સ્વતંત્રતા અભિવ્યક્તિ પાર્ટી અને ગરીબ કલ્યાણ પાર્ટી દ્વારા દેશના શ્રીમંત કરદાતાઓ પાસેથી કુલ ૭૨૫ કરોડ રૂપિયાથી વધુનું બોગસ ડોનેશન સ્વીકારવામાં આવ્યું હતું. આ ગેરકાયદેસર પ્રવૃત્તિ દ્વારા દેશની સરકારી તિજોરીને ૨૧૭ કરોડ રૂપિયાથી વધુનો મોટો ચૂનો લગાવવામાં આવ્યો છે. આ સનસનીખેજ કૌભાંડમાં રાજકીય પાર્ટીના હોદ્દેદારોથી લઈને જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (CA) અને ટેક્સ કન્સલ્ટન્ટ સુધીના લોકોની સીધી સંડોવણી બહાર આવતા ખળભળાટ મચી ગયો છે. આ કૌભાંડમાં આયોજનબદ્ધ રીતે દેશના મોટા કરદાતાઓને નિશાન બનાવવામાં આવતા હતા. કરદાતાઓ આવકવેરા કાયદાની કલમ 80GGC હેઠળ ૧૦૦ ટકા ટેક્સ કપાતનો લાભ લેવા માટે આ કથિત રાજકીય પાર્ટીઓને ચેક અથવા RTGS મારફતે મોટું દાન આપતા હતા. દાનની આ રકમ પાર્ટીના બેંક ખાતામાંથી જય ટ્રેડિંગ કંપની, ક્રિષ્ના એન્ટરપ્રાઈઝિસ અને જલારામ એન્ટરપ્રાઈઝિસ જેવી ફક્ત કાગળ પર ચાલતી શેલ (બોગસ) કંપનીઓમાં ટ્રાન્સફર કરવામાં આવતી હતી. ત્યારબાદ, આ દલાલો ૫ થી ૯ ટકા જેટલું કમિશન કાપીને બાકીની મૂળ રકમ કરદાતાઓને રોકડ (કેશબેક) સ્વરૂપે પરત આપી દેતા હતા. આ રીતે કાગળ પર ખોટું દાન દર્શાવીને મોટા પાયે કરચોરીનું વ્યવસ્થિત નેટવર્ક ચલાવવામાં આવતું હતું. અમદાવાદના નરોડા વિસ્તારમાં કાર્યરત સ્વતંત્રતા અભિવ્યક્તિ પાર્ટી દ્વારા ૫૧૯ કરોડ રૂપિયાનું બોગસ ડોનેશન મેળવીને ૧૫૫ કરોડ રૂપિયાથી વધુની જંગી ટેક્સ ચોરી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

**દેશ-વિદેશ સંરક્ષણ રાષ્ટ્રીય**

# જોધપુરમાં બહુરાષ્ટ્રીય વાયુસેના કવાયત ‘તરંગ શક્તિ’ની બીજી આવૃત્તિનો પ્રારંભ

જોધપુર,

બહુરાષ્ટ્રીય વાયુસેના કવાયત ‘તરંગ શક્તિ’ ની બીજી આવૃત્તિનો શનિવારે રાજસ્થાનના જોધપુર સ્થિત એરફોર્સ સ્ટેશન ખાતે પ્રારંભ થયો છે. આ યુદ્ધાભ્યાસમાં ૪૦થી વધુ દેશો ભાગ લઈ રહ્યા છે. ભાગ લેનારા દેશોની સૈન્ય ટુકડીઓનું સ્વાગત કરતાં ભારતીય વાયુસેનાએ સોશિયલ મીડિયા મંચ ‘ઠ’ પર એક પોસ્ટમાં જણાવ્યું કે, “જોધપુરની ધરતી પર લેન્ડ થતાં જ આકાશ પારના અમારા મિત્રોનું ઉષ્માભર્યું સ્વાગત છે. ભારતમાં આપનું સ્વાગત છે. તરંગ શકિતમાં આપનું સ્વાગત છે.” ભારતીય વાયુસેનાએ પોતાની આ પોસ્ટમાં સંયુક્ત આરબ અમીરાત , ફ્રાન્સ અને ઓસ્ટ્રેલિયાની ટુકડીઓનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. આ કવાયતમાં ભાગ લેવા માટે ફ્રેન્ચ એર એન્ડ સ્પેસ ફોર્સ શુક્રવારે જ જોધપુર એરફોર્સ સ્ટેશન ખાતે આવી પહોંચી હતી. ફ્રેન્ચ એર ડિફેન્સ એન્ડ એર ઓપરેશન્સ કમાન્ડના ડેપ્યુટી કમાન્ડર જુલિયન સેબેને જણાવ્યું હતું કે આ યુદ્ધાભ્યાસ ફ્રાન્સ માટે અત્યંત મહત્વપૂર્ણ છે અને તેમણે બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી પર ખાસ ભાર મૂક્યો હતો.




### કુલ ૩૫ ઉમેદવારો જાહેર

# ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી માટે કોંગ્રેસે વધુ ૧૬ ઉમેદવારો જાહેર કર્યા

## અમિત ચાવડાની સૂચના અનુસાર આ યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હોવાનું ઉપપ્રમુખ વિજય દવે દ્વારા જણાવાયું

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આગામી ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી ૨૦૨૬ માટે પક્ષના અધિકૃત ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી રહી છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અમિતભાઈ ચાવડાની સૂચના અનુસાર, પક્ષે વધુ ૧૬ ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ વિજય દવે દ્વારા એક અખબારી યાદી મારફતે આ માહિતી આપવામાં આવી હતી. અગાઉ પક્ષ દ્વારા ૧૯ ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા હતા, આમ નવા જાહેર થયેલા ૧૬ નામો સાથે કોંગ્રેસ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૩૫ ઉમેદવારોને ચૂંટણી મેદાનમાં ઉતારવાની સત્તાવાર જાહેરાત થઈ ચૂકી છે.

નવા જાહેર કરાયેલા ૧૬ ઉમેદવારોમાં ગાંધીનગરના અલગ-અલગ વોર્ડની વિવિધ બેઠકોનો સમાવેશ થાય છે. આ યાદીમાં મહિલાઓ અને પછાતવર્ગના ઉમેદવારોને પૂરતું પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. જેની વોર્ડ પ્રમાણે વિગતો નીચે મુજબ છેઃ

વોર્ડ નંબર ૨ અને ૬ ના ઉમેદવારોઃ વોર્ડ નંબર ૨ માં બેઠક ૧ (અનુસૂચિત જાતિ સ્ત્રી) માટે જાગૃતિબેન મુળચંદભાઈ રાઠોડ, બેઠક ૨ (સામાન્ય સ્ત્રી) માટે ક્રિષ્નાબેન મુકેશજી ઠાકોર, બેઠક ૩ (પછાતવર્ગ) માટે અલ્કેશભાઈ બળદેવભાઈ પરમાર અને બેઠક ૪ (સામાન્ય) માટે સુર્યસિંહજી લક્ષ્મણસિંહજીને ટિકિટ આપવામાં આવી છે. જ્યારે વોર્ડ નંબર ૬ માં બેઠક ૧ (અનુસૂચિત આદિજાતિ સ્ત્રી) પર હંસાબેન લલીતકુમાર નીનામા, બેઠક ૨ (પછાતવર્ગ સ્ત્રી) પર મેઘનાબેન રાજુભાઈ દેસાઈ અને બેઠક ૪ (સામાન્ય) પર કર્મજીતસિંહ વિરેન્દ્રસિંહ વાઘેલાને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

વોર્ડ નંબર ૭, ૮ અને ૧૧ ના ઉમેદવારો : વોર્ડ નંબર ૭ ની બેઠક ૧ (પછાતવર્ગ સ્ત્રી) માટે ચંદ્રિકાબેન અમરતજી ઠાકોર, બેઠક ૨ (સામાન્ય સ્ત્રી) માટે સોનલબા અજીતસિંહ ગોલ, બેઠક ૩ (અનુસૂચિત જાતિ) માટે નગીનભાઈ જગદીશભાઈ નાડીયા અને બેઠક ૪ (સામાન્ય) માટે ફેનીલ સુરેશભાઈ પટેલ ચૂંટણી લડશે. વોર્ડ નંબર ૮ માં બેઠક ૧ (પછાતવર્ગ સ્ત્રી) પર માત્ર એક નામ કલ્પનાબેન દિલીપકુમાર સોલંકીની પસંદગી કરાઈ છે. આ ઉપરાંત, વોર્ડ નંબર ૧૧ માં બેઠક ૧ (પછાતવર્ગ સ્ત્રી) માટે સોનલબેન તુષારભાઈ ઠાકોર, બેઠક ૨ (સામાન્ય સ્ત્રી) માટે જ્યોત્સનાબેન જયંતિલાલ સોલંકી, બેઠક ૩ (સામાન્ય) માટે પાર્થકુમાર સુરેશભાઈ પટેલ અને બેઠક ૪ (સામાન્ય) માટે સંજયકુમાર અમરાભાઈ ભરવાડને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને કોંગ્રેસ દ્વારા તબક્કાવાર ઉમેદવારોના નામ જાહેર કરીને પોતાની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. જાહેર થયેલી યાદી સ્પષ્ટ કરે છે કે પક્ષ દ્વારા તમામ જ્ઞાતિ અને વર્ગોને સમાન પ્રતિનિધિત્વ મળે તે રીતે ઉમેદવારોની પસંદગી પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. બાકીના ઉમેદવારોના નામ પણ આગામી સમયમાં જાહેર થાય તેવી પૂરી શક્યતાઓ છે.

### મનપાની ચૂંટણી માટે ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હતો

# ગાંધીનગર મનપા ચૂંટણી : ભાજપે ઉમેદવારની બીજી યાદી કરી જાહેર

## ૧૧ કોર્પોરેટરને રિપીટ કરવામાં આવ્યા છે, જ્યારે ૭ નેતાઓના પરિવારજનોને ટિકિટ આપવામાં આવી છે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મનપાની ચૂંટણી માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસે ભાજપ, કોંગ્રેસ અને AAPના ઉમેદવારો ફોર્મ ભરવા પહોંચ્યા હતા. કલેક્ટર કચેરી અને જિલ્લા પંચાયત કચેરી ખાતે ફોર્મ ભરવાની કામગીરી ચાલી રહી હતી.

વોર્ડ નંબર ૩ના કોંગ્રેસના ઉમેદવારો પણ ફોર્મ ભરવા પહોંચ્યા હતા. કોંગ્રેસના માનાજી મોદી, હેતલબેન રાઠોડ, શિવાનીબેન શાહ અને મહેન્દ્રસિંહ ચાવડા ફોર્મ ભરવા પહોંચ્યા હતા.

વોર્ડ નંબર ૩ના ભાજપના ઉમેદવારો પણ ફોર્મ ભરવા પહોંચ્યા હતા. ભાજપના દિપ્તીબેન પટેલ, અનિલસિંહ વાઘેલા, અરવિંદજી ઠાકોર અને સોનલબેન વાઘેલા ફોર્મ ભરવા પહોંચ્યા હતા.

વોર્ડ નંબર ૪થી AAPના ઉમેદવારો ફોર્મ ભરવા પહોંચ્યા હતા. AAPના ઉમેદવાર શરીફ મકરાણી અને વૈશાલી ડાભીએ ફોર્મ ભર્યું હતું. જ્યારે AAPના લાલાજી વણઝારા અને સીરીન મનસુરીએ પણ ફોર્મ ભર્યું હતું.

આ દરમિયાન ભાજપે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. ભાજપે તમામ વોર્ડના ૪૪ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જેમાં ૧૧ કોર્પોરેટરને રિપીટ કરવામાં આવ્યા છે, જ્યારે ૭ નેતાઓના પરિવારજનોને ટિકિટ આપવામાં આવી છે.

ભાજપની યાદીમાં વોર્ડ નંબર ૨માં સોનલબેન વાઘેલા અને દિપ્તીબેનને ટિકિટ આપવામાં આવી છે. વોર્ડ નંબર ૧માં અંજનાબેન મહેતાને રિપીટ કરવામાં આવ્યા છે. વોર્ડ નંબર ૩માં સોનાલીબેન પટેલ અને અંકિત બારોટને રિપીટ કરવામાં આવ્યા છે. વોર્ડ નંબર ૨માં અરવિંદજી ઠાકોર અને અનિલસિંહ વાઘેલાને ટિકિટ આપવામાં આવી છે.

વોર્ડ નંબર ૪માં મિત્તલબેન વાઘેલા, જોશનાબેન ઠાકોર, રૂપસિંહ ઠાકોર અને જશપાલસિંહ બિહોલાને ટિકિટ આપવામાં આવી છે. વોર્ડ નંબર ૬માં લીલાબેન ચારેલ, રિન્કુબા ડોડીયા, નિલેશકુમાર મહેરિયા અને રાજદીપસિંહને ટિકિટ આપવામાં આવી છે.

કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા ગજેંદ્રસિંહ વાઘેલાના પત્ની મિત્તાલબેન વાઘેલાને પણ ટિકિટ આપવામાં આવી છે.

# લાઘવિકા : બદલાતા સંબંધો

નરેન્દ્ર ત્રિવેદી (ભાવનગર)

વિશાખાને આજે સખત તાવ હતો. શરીર આખુંય તૂટતું હતું અશક્તિ પણ બહુ આવી ગઈ હતી. વિશાખાથી થઈ શકે એટલું કામ કર્યું પણ અંતે શરીરે જવાબ આપી દીધો અને ફરજિયાત સુઈ જવું પડ્યું.

લો, થોડા તાવ આવ્યો ત્યાં તો લાંબા થઈને સુઈ ગયા. આ આખા ઘરનું કામ કોણ કરશે. હું કંઈ કામવાળી થોડી છું.

એમ બબડતાં બબડતાં અનુબેન વિશાખાનાં બેડરુમ પાસેથી પસાર થયાં.

સાંજે રમેશ આવ્યો, રમેશ વિશાખાને સામાન્ય તાવ, શરદી છે ડૉક્ટરની દવા લઈ આવ, આખો દિવસ સુઈ રહે એ મને ન પોષાય.

અનુબેનનાં મોબાઈલમાં રિંગ વાગી, વિજુ બેટા આમ ઢીલું ઢીલું કેમ બોલે છે? તબિયત સારી ન હોય તો પંદર દિવસ અહીં આવતી રહે તારી સાસરીમાં તને આરામ નહીં મળે. તારી ક્યાં કોઈને પડી છે.

વિશાખાએ રમેશ સામે જોયું જાણે તેની આંખો કહેતી હોય હું પણ મારા માતા, પિતાની લાડલી દીકરી છું અને અહીં વહુ.

# કહેવત

## સામાજિક -:શીર્ષક : સંપ ત્યાં જંપ:




રામપરા નામનું એક ગામ હતું. ગામની વસ્તી આશરે પાંચ હજાર જેવી હતી અને ગામમાં અઢારે વરણનો વસાવટ હતો.એક વખત ગામના ચોરે બધાં ભેગા થયાં હતા ત્યારે ગામના મોભી અને સન્માનીય વ્યક્તિ શ્રી રામજીભાઈએ કહ્યું,

આપણાં ગામના પાદરમાંથી નાની નદી વહે છે. ચોમાસામાં તેમાં ભરપૂર પૂર આવે છે અને પાણી હોય છે પણ પછી નદીનું પાણી વહી જાય છે અને નદી કોરિધાકાર થઈ જાય છે.જો આપણે નદીના ઉપરવાસમાં એક ચેકડેમ બનાવીએ તો નદીનું પાણી તેમાં સંચિત થાય. આજુબાજુના કુવાનાં તળ પણ ઊંચા આવે.આ માટે આપણે એક સંપ થઈને કામ કરવું પડે.

ન કોઈએ જવાબ ન આપ્યો કે ન કોઈએ ઉત્સાહ બતાવ્યો.એક વ્યક્તિ એ કહ્યું રામજીદાદા તમારી વાત સાચી છે પણ કામ સરકારનું છે. આપણે બનાવીએ તો ખર્ચ આપણે કરવો પડે.ગામને સુખ સુવિધા આપવાની જવાબદારી સરકારની છે.

તારી વાત તો બરોબર છે. સરકાર તો તેનું કામ કરતી હોય પણ આપણે ગામની સુખ સુવિધા જોવી જોઈએ. જે ખર્ચ થાય એ ગામનાં પહોંચતા પામતા લોકો છે એ ભાગે પડતાં વહેચી લેશે.

રામજીભાઈની વાતથી લોકો વિખરાઈ ગયા.રામજીભાઈએ પોતાના વળના માણસો ને સાથે રાખીને નદી પર એક નાનો એવો ચેક ડેમ બનાવી નાખ્યો. ચોમાસામાં વરસાદનું બધુ પાણી નદીમાં વહી જવા ને બદલે ચેકડેમમાં ભરાયું.લોકોએ જોયું તો કૂવા તળ પણ થોડા ઊંચા આવ્યા હતા.ઘરમાં નાખેલી પાણી ડંકીમાં પણ પાણી આવતું હતું જે ચોમાસા પછી ડૂકી જતી હતી.

ગામનાં લોકોએ ભેગા થઈને કહ્યું,સ્વ્રામજીદાદા આપણે તમે કહ્યું હતું એમ નદી પર ઉપરવાસમાં મોટો અને પાકો ચેક ડેમ બનાવી નાખીએ એટલે ચેકડેમમાં વધારે પાણી સંગ્રહિત થાય.

બીજા ચોમાસે ચેકડેમ છલોછલ ભરાઈ ગયો એટલે કૂવા અને ગામ તળના પાણીનું લેવલ પણ ઊંચું આવી ગયું.ગામના લોકોમાં આનંદ અને ઉત્સાહ પ્રસરી ગયો.

રામજીદાદા એ ચોરા પર ભેગા થયેલા લોકોને કહ્યું, કે સ્વઆપણામાં કહેવત છે “સંપ ત્યાં જંપ છે.” આપણે બધાએ એક સંપ થઈને કામ કર્યું તો તેનું ફળ આપણને સારું મળ્યું.જો આપણે સંપીને રહીએ અને એક સંપ થઈને કાર્ય કરીએ તો કોઈપણ કાર્ય મુશ્કેલ નથી અને જંપ એટલે સુખ શાંતિ મળે.ગામની એકતા જળવાઈ રહે.

ગામનાં ચોરે ભેગા થયેલાં લોકોએ તાળીઓથી રામજીદાદાની વાતને વધાવી લીધી.

# ઓછા વરસાદથી અરવલ્લી જિલ્લાનાં તળાવો અડધાં ભરાયાં

ભિલોડા, તા.૨૬

અરવલ્લી જિલ્લામાં ચાલુ વર્ષે અપેક્ષા મુજબ વરસાદ ન થતાં તેની સીધી અસર ગ્રામ્ય વિસ્તારોના જળસંગ્રહ પર જોવા મળી રહી છે. ભિલોડા તાલુકા સહિત જિલ્લાના અનેક ગામોમાં તળાવો, ચેકડેમ અને નાના જળાશયો પૂરતા પ્રમાણમાં ભરાઈ શક્યા નથી. કેટલાક વિસ્તારોમાં તળાવોમાં માત્ર ૨૦થી ૫૦ ટકા જેટલો જ પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાનું જોવા મળી રહ્યું છે. જ્યારે કેટલાક તળાવો અડધા ભરાયેલા અથવા સુકાયેલા નજરે પડી રહ્યા છે. ભિલોડા તાલુકાના નવાભેટાલી સહિતના વિવિધ ગામડાઓમાં હાલની સ્થિતિને પગલે ખેડૂતો અને ગ્રામજનોમાં આગામી દિવસોમાં પાણીની ઉપલબ્ધતાને લઈને ચિંતા જોવા મળી રહી છે. ચોમાસા દરમિયાન પૂરતો વરસાદ ન પડતાં જળાશયો ભરાયા ન હોવાથી ખેતી માટે જરૂરી સિંચાઈના પાણીની સમસ્યા ઊભી થવાની ભીતિ વ્યક્ત કરાઈ રહી છે. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ, હાલ તળાવોમાં જે પાણી ઉપલબ્ધ છે તે આગામી સિંચાઈની જરૂરિયાત માટે પૂરતું ન હોઈ શકે.

Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

27-09-2026_38 Jan Fariyad_New_P-2